# સી.વી.ઓ. ચાર્ટર્ડ એન્ડ કોસ્ટ એકાઉન્ટન્ટસ્ એસોસિએશન

ESTD.1973

૩૦૪, જાસ્મીન એપાર્ટમેન્ટ, દાદા સાહેબ ફાળકે રોડ, દાદર (ઈ), મુંબઈ – ૪૦૦ ૦૧૪ TEL. : 2410 5987 •
Email : office@cvocaassociation.com • Website : www.cvocaassociation.com • FOLLOW US ON @cvocain


**સી.વી.ઓ. સીએ એસોસિએશને એક સામાજીક ઉતરદાયિત્વ અન્વયે જન જાગૃતિ અભિયાન શ્રેણી હેઠળ સમાજના વ્યક્તિઓને સ્પર્શતા કાયદાકીય ફેરફારોની સમજણ આપતા લેખોની શ્રેણી શરૂ કરેલ છે. પ્રથમ શ્રેણીમાં ફોરેન એક્ષચેંજ મેનેજમેન્ટ એકટ (FEMA) કાયદા હેઠળનાં પ્રશ્નોને આવરી લેવાયા છે. આશા છે કે સમાજ આ અભિયાનને વધાવશે. આભાર – CA કેતન ગડા (પ્રમુખ)**

## કાયદાની આંટીઘૂંટી – શ્રેણી ૧

## ફોરેન એક્ષચેંજ મેનેજમેન્ટ એકટ – ફેમા (FEMA)

સંકલન : CA મનોજ શાહ અને CA વિરલ સતરા

**પ્ર.૧ શું એક ભારતીય રહેવાસી વ્યક્તિ ભારતથી બહાર રહેતા એના નજીકના સગાસંબંધીઓ પાસેથી વિદેશી ચલણમાં પૈસા ઉછીનાં લઈ શકે છે ?**

ઉ.૧ હા. નીચેની શરતોને આધીન, એક ભારતીય રહેવાસી વ્યક્તિ તેના, ભારતથી બહાર વસતા સગાસંબંધીઓ પાસેથી ૨૫૦,૦૦૦ અમેરિકન ડોલરની એંકદર મર્યાદાની અંદર અથવા તત્સમ રકમ ઉછીની લઈ શકે છે.
- લોનનો ઓછામાં ઓછો પરિપકવતા સમયગાળો (minimum maturity period) એક વર્ષનો હોય,
- લોન વ્યાજ મુક્ત હોય, અને
- સામાન્ય બેંક□ગ ચેનલો મારફત અથવા એનઆરઆઈના/એફસીએનઆર(બી) ખાતામાં ડેબિટ કરીને મુક્ત વિદેશી વિનિમયમાં ઈનવર્ડ રેમીટન્સ દ્વારા લોનની રકમ પ્રાપ્ત થયેલી હોય.

**પ્ર.૨ શું એક વ્યક્તિ રહેવાસી એનઆરઆઈ/પીઆઈઓને પૈસા ધિરાણ કરી શકે છે ?**

ઉ.૨ **એનઆરઆઈ/પીઆઈઓને વિદેશી ચલણમાં ધિરાણ :**
હા, એક રહેવાસી વ્યક્તિ ઉદાર રેમિટંસ યોજના હેઠળ ૨૫૦,૦૦૦ અમેરિકન ડોલરની એંકદર મર્યાદાની અંદર એનઆરઆઈ/પીઆઈઓને વિદેશી ચલણમાં પૈસા ધિરાણ કરી શકે છે.
**એનઆરઆઈ/પીઆઈઓને સગાસંબંધીને ભારતીય ચલણમાં ધિરાણ :**
હા, શરતોને આધીન, ભારતમાંની કરજદારની અંગત અથવા વ્યવસાયિક ગરજોને પહોંચી વળવા માટે, ઉદાર રેમીટંસ યોજના હેઠળ ૨૫૦,૦૦૦ અમેરીકન ડોલરની એકંદર મર્યાદાની અંદર એક વ્યક્તિગત રહેવાસી ક્રોસ ચેક દ્વારા અથવા ઈલેક્ટ્રોનિક ટ્રાન્સફર દ્વારા ભારતીય ચલણમાં પૈસાનું ધિરાણ કરી શકે છે. એનઆરઆઈ સગાસંબંધીના એનઆરઓ ખાતામાં લોનની રકમ જમા થવી જોઈએ. આ લોન વ્યાજમુક્ત હોવી જોઈએ અને એનો ઓછામાં ઓછો પરિપકવતા સમયગાળો એક વર્ષનો હોય અને ધિરાણની રકમ ભારતની બહાર મોકલી શકાય નહ□.

**પ્ર.૩ શું એક રહેવાસી વ્યક્તિ ક્રોસ ચેક/ઈલેક્ટ્રોનીક ટ્રાન્સ દ્વારા એક એનઆરઈ/પીઆઈઓ કે જે વ્યક્તિનો નજીકનો સગો હોય એને ભારતીય રૂપિયામાં ભેટ આપી શકે છે ?**

ઉ.૩ એક રહેવાસી વ્યક્તિ ક્રોસ ચેક/ઈલેક્ટ્રોનીક ટ્રાન્સફર દ્વારા એક એનઆરઆઈ/પીઆઈઓ કે જે રહેવાસી વ્યક્તિનો નજીકનો સગો (નજીકનો સગો એટલે કંપની એધિનિયમ, ૧૯૫૬ની કલમ ૬માં જેમ વ્યાખ્યા કરવામાં આવેલ છે) હોય એને ભારતીય રૂપિયામાં ભેટ આપી શકે છે. આ રકમ એનઆરઆઈ/પીઆઈઓના નોન–રેસિડંટ(ઓર્ડીનરી) ખાતામાં જમા કરવી જોઈએ. એક રહેવાસી વ્યક્તિ માટે એલઆરએસ (Liberalised Remittance Scheme) હેઠળ પરવાનગી આપેલ હોય તે પ્રમાણે આ ભેટ રકમ નાણાકીય વર્ષ દીઠ ૨૫૦,૦૦૦ એમેરિકન ડોલરની એકંદર મર્યાદાની અંદરની હોઈ શકે છે.

**પ્ર.૪ શું એનઆરઆઈ ભારતીય રૂપિયામાં રહેવાસીને (Resident) લોન આપી શકે ?**

ઉ.૪ કંપનીઓ સિવાય અન્ય વ્યક્તિઓને એટલે કે વ્યક્તિ, પ્રોપચટર પેઢી, ભાગીદારી પેઢીઓ વગેરેં એનઆરઆઈ ભારતીય રૂપિયામાં લોન આપી શકે છે. સામાન્ય બેંકિંગ ચેનલો મારફત અથવા એનઆરઆઈના એનઆરઈ/એનઆરઓ/એફસીએનઆર–બી ખાતામાં ડેબિટ કરીને આ લોન આપી શકાશે. લોનની પરિપકવતા (મર્યાદા) ત્રણ વર્ષથી વધારે ન હોવી જોઈએ અને જેનો વ્યાજનો દર, લોન મેળવવાની તારીખના દિવસે પ્રચલિત બેંક વ્યાજ દર વત્તા (પ્લસ) ૨% થી વધારે ન હોવો જોઈએ.
**લોન લીધેલ નાણાંના વપરાશ પરની શરતો :**
- કર્જદારે લોનની રકમનો ઉપયોગ ફક્ત એના વ્યવસાયની આવશ્યકતાઓ માટે જ કરવો.
- આ લોનનો ઉપયોગ કૃષિવિષયક/વૃક્ષારોપણ/રિયલ એસ્ટેટના વ્યવહાર માટે અથવા હસ્તાંતરણીય વિકાસ હક્કોના (ટીડીઆર) વેપાર માટે અથવા ચિટ ફંડ/નિધિ કંપનીના વ્યવસાય માટે કરવો નહ□.
- આ લોનની રકમનો ઉપયોગ સંસ્થાપિત હોય કે ન હોય એવી કોઈપણ કંપનીમાં અથવા ભાગીદારી પેઢીમાં અથવા પ્રોપાયટરશીપ કંપનીમાં અથવા કોઈપણ એકમમાં, મૂડી રૂપે કે અન્ય કોઈપણ રીતે રોકાણ તરીકે અથવા પુનઃધિરાણ માટે કરવા નહ□.

**પ્ર.૫ એનઆરઆઈ/પીઆઈઓ દ્વારા ભારતમાં ક્યા પ્રકારના ખાતાઓ જળવાઈ શકે છે ?**

ઉ.૫ ભારતીય રિઝર્વ બેંકની પરવાનગી સિવાય એનઆરઆઈ/પીઆઈઓ ભારતમાં નીચે પ્રકારના ખાતાઓ ખોલી, ધરાવી અને જોળવી શકે છે :
- ચાલુ ખાતા (Current A/c), બચત ખાતા (Saving A/c), રિકરિંગ અથવા ફિકસ્ડ ડિપોઝીટ સ્વરૂપે નોન–રેસિડંટ ઓર્ડિનરી રૂપીયા ખાતું (એનઆરઓ ખાતું)
- બચત ખાતા (Saving A/c), ચાલુ ખાતા (Current A/c), રિકરિંગ અથવા ફિકસ્ડ ડિપોઝીટ સ્વરૂપે નોન–રેસિડંટ (એક્સટર્નલ) રૂપીયા ખાતું (એનઆરઈ ખાતું)
- ફક્ત ટર્મ ડિપોઝીટ સ્વરૂપે ફોરને કરંસી નોન–રેસિડેંટ (બેંક) ખાતું (એફસીએનઆર(બી) ખાતું)

**પ્ર.૬ શું એનઆરઆઈ/પીઆઈઓ ભારતમાં સ્થાવર મિલકત સંપાદિત કરી શકે ?**

ઉ.૬ એનઆરઆઈ/પીઆઈઓ ભારતમાં ખેતીની જમીન/બાગાયતી મિલકત અથવા ફાર્મ હાઉસ સિવાયની સ્થાવર મિલકત સંપાદિત કરી શકે છે. આમ તેઓ ફક્ત આવાસ (resident) ની અથવા વાણીજ્યિક (commercial) મિલકત જ સંપાદિત કરી શકે છે.

**પ્ર.૭ શું એનઆરઆઈ/પીઆઈઓ, વિદેશી ચલણ દ્વારા ભારતમાં ખરીદવામાં આવેલ સ્થાવર મિલકતની વેચાણ આવક ભારતની બહાર મોકલી શકે છે ?**

ઉ.૭ એનઆરઆઈ/પીઆઈઓ દ્વારા ખરીદવામાં આવેલ બે આવાસી મિલકતની વેચાણ રકમની એટલી જ રકમ વિદેશી વિનિમયમાં ભારતની બહાર મોકલી શકાય છે, જે સ્થાવર મિલકતની મૂળ કિંમત જેટલી હોય. તેથી થયેલી મૂડી વધારો (Capital gain) એનઆરઓ ખાતામાં જમા કરી શકાય છે અને નાણાંકીય વર્ષ દીઠ ૧ મિલિયન અમેરિકન ડોલર સુધીની રકમ (net of taxes) એનઆરઓ ખાતાથી બહાર મોકલી શકાય છે. એનઆરઓ/પીઆઈઓને એનઆરઓ ખાતામાંની ખરીદી થકી થતી અકસ્યામતોની વેચાણ આવકમાંની/વારસાગત અથવા લીગસીથી તને સંપાદિત કરેલ ભારતમાંની અકસ્યામતોમાંની સિલ્લકો પૈકીની નાણાકીય વર્ષ દીઠ ૧ મિલિયન અમેરિકન ડોલર સુધીની એક રકમ (net of taxes) બહાર મોકલવાની પણ અનુમતિ છે.

**પ્ર.૮ એનઆરઆઈ/પીઆઈઓને રોકાણની બીજી કઈ સુવિધાઓ ઉપલબ્ધ છે ?**

ઉ.૮ **પ્રત્યાવર્તન આધારે એનઆરઆઈ, મર્યાદા વગર, ખરીદી કરી શકે છે :**
- સરકારી તારીખવાળી સીક્યુરીટીઝ/ટ્રેઝરી બિલ્સ,
- સ્થાનિક મ્યુચ્યુઅલ ફંડના એકમો,
- ભારતમાં એક પબ્લિક સેક્ટર અંડરટેકિંગ (પીએસયુ) દ્વારા જારી કરવમાં આવેલ બોન્ડ,
- ભારતમાં બેંકો દ્વારા જારી કરવામાં આવેલ પરપેચ્યુઅલ ડેબ્ટ ઈન્સ્ટ્રુમેન્ટસ અને ડેબ્ટ કેપિટલ ઈન્સ્ટ્રુમેન્ટસ
- બિડ્સ બોલાવતી નોટીસમાં નમૂદ કરાયેલ નિયમો તથા શરતો મુજબ ખરીદી કરેલ હોય એ શરતે ભારત સરકાર દ્વારા વિનિવેશિત હોય એવા પબ્લિક સેકટર એન્ટરપ્રાઈજેસના શેઅરો.
- એફડીઆઈ યોજના હેઠળની કંપનીઓમાં રોકાણ (ઓટોમેટિક રૂટ તથા એફઆઈપીબી સહિત) (અનુસૂચિ ૧ – ફેમા અધિસૂચના ક્ર.૨૦). પોર્ટફોલિયો રોકાણ યોજના (અનુસૂચિ ૩ – ફેમાઅધિસૂચના ક્ર.૨૦) હેઠળ સ્ટોક એક્સચેંજ નારફત ભારતીય કંપનીઓના શેઅરો તથા કન્વર્ટીબલ ડિબેન્ચરો.

**બિન–પ્રત્યાવર્તન** (non-repatriation) **આધારે એનઆરઆઈ, મર્યાદા વગર ખરીદી શકે છે :**
- સરકારી તારીખવાળી સીક્યુરીટીઝ/ટ્રેઝરી બિલ્સ
- સ્થાનિક મ્યુચ્યુઅલ ફંડના એકમો
- નાણા બજાર મ્યુચ્યુઅલ ફંડના એકમો
- રાષ્ટ્રીય યોજના / બચત પ્રમાણપત્રો
- પોર્ટફોલિઓ રોકાણ યોજના (અનુસૂચિ ૩ – ફેમા અધિસૂચચનાક્ર.૨૦) હેઠળ સ્ટોક એક્સચેંજ મારફત ભારતીય કંપનીઓના શેઅરો તથા કન્વર્ટીબલ ડિબેન્ચરો
- સેબી દ્વાર નિર્ધારિત મર્યાદાઓં આધિન, બિન–પ્રત્યાવર્તન આધોરે ભારતમાં ધરાવેલ ભારતીય રૂપિયાના ફંડ પૈકી, સમય સમય પર, સેબી દ્વરા મંજૂર કરવામાં આવેલ એક્સચેંજ ટ્રેડેડ ડેરિવેટીવ કોન્ટ્રાક્ટસ

નોંધ : બિનનિવાસી ભારતીયો પીપીએફમાં તેની પરિપકવતા સુધી રકમ ભરવાનું ચાલું રાખી શકે છે, જો ખાતુ ત્યારે ખોલવામાં આવલે હોય જ્યારે એ ભારતનો નિવાસી હતો. જો કે, ૧૫ વર્ષના પરિપકવતા સમયગાળા પછી તેઓ નવીકરણ કરી શકતા નથી અથવા પીપીએફ ખાતું આગળ ચલાવી શકતા નથી.

**પ્ર.૯ શું એક બચત ખાતું ધરાવતો રહેવાસી વ્યક્તિ તેના નજીકના અ–નિવાસી સગાસંબંધીનો એક સંયુક્ત (જોઈન્ટ) ખાતા ધારક તરીકે સમાવેશ કરી શકે ?**

ઉ.૯ હા, ભારતમાં વ્યક્તિગત નિવાસીને નજીકના અ–નિવાસી સગાસંબંધી(ઓ)નો કોઈપણ એક અથવા હયાત હોય તે આધારે તેમના નિવાસી બેંક ખાતામાં એક સંયુક્ત ખાતા ધારક(કો) તરીકે સમાવેશ કરવા માટે પરવાનગી છે.

**પ્ર.૧૦ ઉદાર રેમિટન્સ યોજના હેઠળ જે માટે રહેવાસી વ્યક્તિ રેમિટંસ કરી શકે એ માટેના ઉદ્દેશ્યો ક્યા છે ?**

ઉ.૧૦ વ્યક્તિઓ નાણાકીય વર્ષ દીઠ ૨,૫૦,૦૦૦ અમેરિકન ડોલરની મર્યાદાની અંદર વિદેશમાં રેમિટંસ કરી શકે એ માટેના ઉદ્દેશ્યો નીચે પ્રમાણે છે :
- કોઈપણ દેશની (નેપાળ અને ભૂતાન સિવાય) અંગત મુલાકાતો.
- ભેટ અથવા દાન
- રોજગાર માટે વિદેશ જવું
- વિદેશ વસવાટ
- વિદેશમાં વસતા નજીકના સગાનું ભરણપોષણ
- વ્યવસાય પ્રવાસ, અથવા એક પરિષદમાં ભાગ લેવો, અથવા વિશેષ પ્રશિક્ષણ માટેજવું, અથવા તબીબી ખર્ચાઓ, વિદેશમાં આરોગ્ય તપાસ કરવાના અથવા તબીબી સારવાર/તપાસ માટે વિદેશ જનાર એક દર્દીના અટેન્ડંટ તરીકે એની સાથે જવાના ખર્ચાઓને પહોંચી વળવા માટે
- વિદેશમાં તબીબી સારવારથી સંબંધિત ખર્ચાઓ
- વિદેશમાં અભ્યાસ
- અન્ય કોઈપણ ચાલુ ખાતની લેવડદેવડ

ઉપર જણાવેલ ઉદ્દેશ્યો માટે જણાવેલ મર્યાદાથી વધારેના રેમિટંસની અનુમતિ આપવામાં આવશે જો ક્રમશઃ વસવાટ કરવાના દેશની અથવા સારવાર આપતી તબીબી સંસ્થાની અથવા વિશ્વવિધાલયની એવી આવશ્યકતા હોય.

**પ્ર.૧૧ ભારત બહાર વિદેશની અંગત મુલાકાતના પ્રવાસે જવા માટે કોઈ કેટલું વિદેશી હુંડીયામણ ખરીદી શકે છે ?**

ઉ.૧૧ વિદેશમાં, નેપાળ તથા ભૂતાન સિવાય, અંગત મુલાકાતે જવા માટે, કોઈપણ રહેવાસી કોઈપણ એક નાણાકીય વર્ષમાં ૨૫૦,૦૦૦ અમેરિકન ડોલર સુધીની એક એકંદર રકમનું વિદેશી હુંડિયામણ મેળવી શકે છે, ભલે પછી એ વર્ષ દરમ્યાન ગમે એટલી વખત વિદેશની મુલાકાતે ગયો હોય. જો એક વ્યક્તિએ અગાઉથી જ એક નાણાકીય વર્ષમાં ઉદાર રેમિટન્સ યોજના હેઠળ કોઈપણ રકમ રેમિટ કરેલી હશે તો આવા વ્યક્તિ માટે પ્રવાસના ઉદ્દેશ માટે લાગુ પડતી મર્યાદાને ૨૫૦,૦૦૦ અમેરીકન ડોલરમાંથી આવી રીતે રેમિટ કરેલી રકમ દ્વારા ઘટાડવામાં આવશે.
નેપાળ અને/અથવા ભૂતાનમી મુલાકાતે જવા માટો કોઈપણ વિદેશી હુંડિયામણ ઉપલબ્ધ નહ□ હોય. એક ભારતીય રહીશને રૂ. ૧૦૦ અથવા તેથી ઓછૂ મૂલ્યના ગમે એટલા ભારતીય રૂપિયા નેપાળ તથા ભૂતાન લઈ જવાની અનુમતિ છે. રૂા. ૫૦૦ અને રૂ.૧૦૦૦ની નોટો માટે રૂા. ૨૫૦૦૦ની મર્યાદા છે.
વધુમાં, યાત્રાથી સંબંધિત તમામ ખર્ચાઓમે જેવા કે ભારતની બહાર રેલમાર્ગ/રસ્તા/જહાજ પરિવહન ખર્ચાઓ અને યુરો રેલના ખર્ચથી સંબંધિત રેમિટંસ, ભારતીય યાત્રીઓ માટે પાસ/ટિકિટ વગેરે અને વિદેશી હોટલ/ફલાઈટ ખર્ચાઓને ૨૫૦,૦૦૦ અમેરીકન ડોલરની આ નવી વધારેલ મર્યાદા હેઠળ સમાવવામાં આવેલ છે. ટૂર ઓપરેટર આ રકમ એક તો ભારતીય રૂપિયા અથવા વિદેશી હુંડિયામણ રૂપે લઈ શકે છે.

**પ્ર.૧૨ વિદેશ પ્રવાસ માટે કેટલું વિદેશી ચલણ રોકડામાં લઈ જઈ શકાય ?**

ઉ.૧૨ નીચે (એ) અને (બી) સિવાયના બધા દેશોના પ્રવાસે જવાવાળા પ્રવાસીઓને મુલાકાત દીઠ ૩૦૦૦ અમેરીકન ડોલર સુધીના વિદેશી હુંડિયામણની નોટો /સિક્કાઓ ખરીદી કરવાની અનુમતિ છે. બાકીની રકમ ટ્રાવેલર્સ ચેક અથવા બેંકર ડ્રાફટ રૂપે લઈ જઈ શકાશે.
આના અપવાદો છે.
(એ) ઈરાક તથા લિબિયા જનારા પ્રવાસીઓ મુલાકાત દીઠ ૫૦૦૦ અમેરીકન ડોલર અથવા તત્સમ રકમની નોટો/સિક્કાઓ રૂપે વિદેશી ચલણની ઉપાડ કરી શકે છે.
(બી)ઈસ્લામિક રિપબ્લિકન ઓફ ઈરાન, રશીયન ફેડરેશન તથા સ્વતંત્ર રાજ્યોના અન્ય કોનવેલ્થ ગણતંત્રોની મુલાકાતે જનારા પ્રવાસીઓ વિદેશી ચલણની નોટો/સિક્કાઓ રૂપ`પૂરા વિદેશી હુંડિયામણની (૨૫૦,૦૦૦ અમેરીકન ડોલર સુધીન) ઉપાડ કરી શકે છે.
હજ/ઉમરાહની તીર્થયાત્રાએ જનાર પ્રવાસીઓ માટે, બીટીક્યુ (Basic Travel Quota) હકદારીની સંપૂર્ણ રકમ (૨૫૦,૦૦૦ અમેરીકન જોલર) રોકડામાં અથવા ભરાતની હજ સમિતિ દ્વરા સ્પષ્ટતા કર્યા પ્રમાણે રોકડ મર્યાદા એડીઓ તથા એફએફએમસીઓ દ્વારા જારી કરવામાં આવી શકે છે.

**નોંધ: આ લેખ જનતાના સામાન્ય માર્ગદર્શન માટે સંપુર્ણ પ્રયત્ન અને કાળજીપુર્વક તૈયાર કરેલ છે. છતાં વિશ્લેષણ, અર્થઘટન કે અનુવાદ કરવામાં કોઈ ક્ષતિ અથવા ભૂલ થઈ હોય તો સંસ્થા અથવા સંકલનકારની કોઈ જવાબદારી નથી. વધુ ચોખવટ માટે દરેક વાચકે પોતાના સલાહકારની સલાહ લેવી.**


સૌજન્ય

JUST IN TIME
Leading Chain of Global Watch Brands
MUMBAI | NAVI MUMBAI | THANE | PUNE | CHINCHWAD | SURAT | AHMEDABAD | RAJKOT
customercare@justintime.in 8080 - 656 - 656 www.justintime.in